This Question Paper contains 16 printed pages.

પ્રશ્ન પુસ્તિકા ક્રમાંક : Marugujarat.in

પ્રશ્નપુસ્તિકાનો કોડ Question Paper Booklet Code
20

Constable Question Paper
03-05-2015

Time : 60 Minutes] ***[Maximum Marks : 100***

ઉમેદવારો માટેની સૂચનાઓ :

1) બધા પ્રશ્નોના સરખા ગુણ છે. કુલ પ્રશ્નોની સંખ્યા **100** છે.

2) સૌ પ્રથમ ઉપરોકત દર્શાવેલ જગ્યાએ આપનું નામ અને બેઠક ક્રમાંક લખવો. વળી, ઉપરોકત પ્રશ્ન પુસ્તિકા કોડ ઉત્તરવહીમાં દર્શાવવો. ઉત્તરવહીમાં બેઠક ક્રમાંક, પ્રશ્ન પુસ્તિકા કોડ દર્શાવવામાં નહીં આવેલ હોય તેવી ઉત્તરવહીનું મૂલ્યાંકન કરવામાં આવશે નહીં જેની નોંધ લેવી. તમામ જવાબો ઉત્તરવહીમાં જણાવ્યા પ્રમાણે દર્શાવવાના રહેશે, તે માટે ઉત્તરવહી શીટની પાછળના ભાગે વિગતવારની સૂચનાઓ આપવામાં આવેલ છે.

3) આ પરીક્ષા હેતુલક્ષી હોઈ સમય મર્યાદા પુરી થતાં પહેલાં ઉમેદવાર પરીક્ષા ખંડ / સ્થળ છોડી શકશે નહીં.

4) પરીક્ષાના સમયે ઉમેદવારો કોઈપણ જાતનું સાહિત્ય, મોબાઈલ ફોન, કેલકયુલેટર, વિજાણું યંત્રો વિગેરે કે જે ઉમેદવારને પરીક્ષામાં મદદરૂપ થઈ શકે તે સાથે રાખવા નહીં. પાછળથી આવી વસ્તુઓ તમારી પાસેથી મળી આવ્યેથી તમોને પરીક્ષા માટે ગેરલાયક ઠરાવવામાં આવશે.

5) પરીક્ષાની કાર્યવાહી બાબતે કોઈ પ્રશ્ન હોય તો હાથ ઉચો કરી તમારા નિરીક્ષકને પૂછી શકો છો.

6) કોઈપણ ઉમેદવાર નકલ કરતાં, અગર એક બીજા સાથે વાતચીત કરતાં યા બીજી કોઈપણ રીતે ગેરરીતિ આચરતાં મળી આવશે તો તેમને પરીક્ષા માટે ગેરલાયક ઠરાવવામાં આવશે.

7) ઉત્તરવહી ભરવા માટે ફકત વાદળી અગર કાળી બોલ પોઈન્ટ પેન વાપરવી. દરેક પ્રશ્નના ઉત્તર વિકલ્પો દર્શાવવામાં આવેલ છે. જે વિકલ્પ પસંદ કરો તેનું વર્તુળ ઉત્તરવહીમાં જણાવ્યા પ્રમાણે ભરવું. ઉત્તરવહીમાં એકથી વધારે વર્તુળ ભરવામાં આવશે તો તેવા જવાબના કોઈ ગુણ આપવામાં આવશે નહીં.

8) છેકછાક કરેલ કે સુધારેલ જવાબો માટે કોઈ ગુણ આપવામાં આવશે નહીં. જેથી પુરતો વિચાર કરી, જવાબ નક્કી કર્યા પછી જ જવાબરૂપે વર્તુળ ભરવું.

9) પરીક્ષા દરમ્યાન નિરીક્ષક આપની પાસે હાજરી પત્રક લઈને આવશે, તેમાં તમારા **Answer Book No.** ભરી હાજરી પત્રકમાં સહી કરવાની રહેશે.

10) આપને આપવામાં આવેલ ઉત્તરવહીમાં કોઈપણ જગ્યાએ જણાવેલ જગ્યા સિવાય આપનું નામ કે અન્ય ઓળખ માટેના કોઈપણ ચિહ્ન દર્શાવવા નહીં. રફ કામ પ્રશ્નપત્રમાં કરી શકાશે.

11) **OMR** ત્રણ પ્રતમાં આપવામાં આવેલ છે. પરીક્ષા પૂરી થયા પછી **OMR** ની ત્રીજી કોપીને ખંડ નિરીક્ષક જુદી કરી ઉમેદવારને આપશે જે ઉમેદવારે લઈ જવી. ઉમેદવારે ત્રીજી કોપી અલગ પાડવી નહીં.

SEAL

www.marugujarat.in

1) નીચેનામાંથી કયુ વાક્ય સાચું છે ?

(P) લખાણ એ દસ્તાવેજ છે.

(Q) મુદ્રિત લિથો કરેલ અથવા ફોટો પાડેલ શબ્દો દસ્તાવેજ છે.

(A) ફક્ત P સાચું છે.
(B) P અને Q - કોઈ સાચા નથી.
(C) ફક્ત Q સાચું છે.
(D) P અને Q - બંને સાચા છે.

2) જે હકીકત ''સાબિત થયેલી'' ના હોય અને ''નાસાબિત થયેલી'' પણ ના હોય તેને શું કહેવાય?

(A) સાબિત થયેલી
(B) સાબિત ન થયેલી
(C) અડધી સાબિત
(D) ઉપરોક્ત કોઈ નહીં

3) સાક્ષીઓને તપાસવાનો સામાન્ય પણે ક્રમ કયો હોય છે ?

(A) સર તપાસ, ઉલટ તપાસ, ફેર તપાસ
(B) ફેર તપાસ, ઉલટ તપાસ, સર તપાસ
(C) સર તપાસ, ફેર તપાસ, ઉલટ તપાસ
(D) ઉલટ તપાસ, ફેર તપાસ, સર તપાસ

4) સૂચક પ્રશ્નો અંગે કયું વિધાન સાચું છે ?

(P) પ્રતિપક્ષી વાંધો ઉઠાવે તો સર તપાસમાં ન પૂછી શકાય.

(Q) ફેર તપાસમાં ન્યાયાલયની પરવાનગી સિવાય ન પૂછી શકાય.

(A) ફક્ત P સાચું છે.
(B) P અને Q - બંને સાચા છે.
(C) ફક્ત Q સાચું છે.
(D) P અને Q - બંને ખોટા છે.

5) જયેશ એક સાયકલ રૂ. 1200 માં ખરીદે છે અને રૂ. 1104 માં વેચે છે તો તેને કેટલા ટકા નુકસાન થયું ?

(A) 7%
(B) 9%
(C) 8%
(D) 10%

6) જે કામ 12 માણસો 9 દિવસમાં પૂરૂં કરે તો તે જ કામ 18 માણસો કેટલા દિવસમાં પૂરૂં કરે ?

(A) 4
(B) 6
(C) 5
(D) 7

7) 1, 4, 9, 16,.....?

(A) 25
(B) 32
(C) 30
(D) 45

SEAL
www.marugujarat.in

8) કોઈપણ બાજુથી ચાલુ કરો, તમારો ક્રમ 13મો હોય તો લાઈનમાં કુલ કેટલા માણસો હશે ?
(A) 13 (B) 22
(C) 15 (D) 25

9) ધારો કે આજે શુક્રવાર છે તો પછીના રવિવાર પછી 25 દિવસે કયો વાર હશે ?
(A) મંગળવાર (B) ગુરૂવાર
(C) બુધવાર (D) શુક્રવાર

10) મહેશ તેના મિત્રને એક છોકરીનો પરિચય કરાવતાં કહે છે કે – આ મારા દાદાના એકના એક પુત્રની પુત્રી છે. તો આ છોકરી મહેશની શું સગી થાય ?
(A) માતા (B) પત્ની
(C) બહેન (D) પિતરાઈ બહેન

11) CPU નું પૂરું નામ શું છે ?
(A) સેન્ટ્રલ પ્રોજેક્ટ યુનિટ (B) સેન્ટ્રલ પ્રોસેસિંગ યુનિટ
(C) સેન્ટ્રલ પરફેક્ટ યુનિટ (D) સેન્ટ્રલ પબ્લિક યુનિટ

12) મીણબત્તી – મીણ તો કાગળ..... ?
(A) વૃક્ષ (B) પસ્તી
(C) ચોપડી (D) લખવું

13) A, D, H, K, O .....
(A) Q (B) S
(C) R (D) T

14) આજે વિજયે રમેશને પરમ દિવસે ગુરૂવારે મળવાનું નક્કી કર્યું તો ગઈકાલે કયો વાર ગયો ?
(A) મંગળવાર (B) રવિવાર
(C) બુધવાર (D) સોમવાર

15) X અને Y બંને Z નું ખૂન કરવા જાય છે. X દરવાજા પાસે છરી લઈને ઉભો રહે છે. અને Y તમંચાથી ફાયર કરીને Z ને મારી નાંખે છે.
(A) ફક્ત Y ખૂન માટે જવાબદાર છે.
(B) ફક્ત X ખૂન માટે જવાબદાર છે.
(C) X અને Y બંને ખૂન માટે જવાબદાર છે.
(D) X અને Y કોઈ ખૂન માટે જવાબદાર નથી

www.maruguiarat.in

16) સ્વ બચાવનો હક્ક (રાઈટ ટુ પ્રાઈવેટ ડીફેન્સ) કઈ કલમમાં સમાવાયેલ છે ?

(A) IPC-94 (B) IPC-96

(C) IPC-95 (D) IPC-90

17) અ એ બ ના ઘરમાંથી ઘરેણાની બેગ લઈને ભાગે છે. બહાર નિકળતા ચોકીદાર તેને અટકાવે છે. તે પોતાના ચપ્પુથી ચોકીદારને ઘાયલ કરીને ભાગી જાય છે. અહીં અ એ કયો ગુનો કર્યો છે ?

(A) ચોરી (B) ઘાડ

(C) લૂંટ (D) છેતરપીંડી

18) ભારતીય ફોજદારી ધારો એટલે

(A) ઈન્ડિયન પોલીસ કોડ (B) ઈન્ડિયન પીનલ કોડ

(C) ઈન્ડિયન પ્રોસિજર કોડ (D) ક્રિમીનલ પ્રોસિજર કોડ

19) નીચેનામાંથી કયું વિધાન સાચું છે ?

(A) ચોરીના ગુના માટે ઓછામાં ઓછી 2 વ્યક્તિ હોવી જોઈએ.

(B) ઘરફોડ ચોરીના ગુના માટે ઓછામાં ઓછી 4 વ્યક્તિ હોવી જોઈએ.

(C) લૂંટના ગુના માટે ઓછામાં ઓછી 3 વ્યક્તિ હોવી જોઈએ.

(D) ઘાડના ગુના માટે ઓછામા ઓછી 5 વ્યક્તિ હોવી જોઈએ.

20) IPC-498-ક મુજબ ત્રાસ એટલે

(A) પરિણીત સ્ત્રીને પતિ કે પતિના સગા દ્વારા કરવામાં આવતો ત્રાસ

(B) ફક્ત માનસિક ત્રાસ

(C) ફક્ત શારીરિક ત્રાસ

(D) પરિણીત પુરૂષને પત્ની દ્વારા કરવામાં આવતો ત્રાસ

21) IPC મુજબ

(A) ખોટી સાક્ષી આપવાથી કોઈ ગુનો બનતો નથી.

(B) ખોટી સાક્ષી આપનારને અદાલતમાં ફરીથી ક્યારેય બોલાવી શકાય નહીં.

(C) ખોટી સાક્ષી આપવા બદલ સજા થઈ શકે છે.

(D) ખોટી સાક્ષી આપવા બદલ અદાલત કોઈ કાર્યવાહી કરી શકતી નથી.

SEAL

www.marugujarat.in

22) ચોરી માટે નીચેનામાંથી કયુ વિધાન ખોટું છે ?

(A) ચોરીની વિષયવસ્તુ સ્થાવર મિલ્કત હોય છે.

(B) તે કબ્જેદાર વ્યક્તિની સંમતિ વિના થાય છે.

(C) ચોરીની વિષયવસ્તુ જંગમ મિલ્કત હોય છે.

(D) તે કબ્જેદારના કબજામાંથી લઈ લેવાના ઈરાદે થાય છે.

23) ગેરકાયદેસર મંડળી માટે કેટલા વ્યક્તિઓ ઓછામાં ઓછા હોવા જરૂરી છે ?

(A) 2 (B) 4

(C) 3 (D) 5

24) IPC મુજબ

(1) કલમ 302 – ખૂનની સજા (2) કલમ 307 – ખૂનની કોશિષની સજા

(3) કલમ 379 – ચોરીની સજા (4) કલમ 395 – ધાડની સજા

(A) ફક્ત 1 સાચું (B) 1, 2, 3 સાચા

(C) 1 અને 2 સાચા (D) 1, 2, 3 અને 4 બધા સાચા

25) ક્રિકેટ વર્લ્ડ કપ – 2015 ની મેચો કયા દેશમાં યોજવામાં આવેલ હતી ?

(A) ઓસ્ટ્રેલિયા (B) ન્યુઝીલેન્ડ

(C) ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડ (D) ઉપરમાંથી કોઈ નહીં

26) કોગ્નિઝેબલ ગુના અટકાવવા માટે પોલીસ સી.આર.પી.સી. ની કઈ કલમ હેઠળ વોરંટ વગર ધરપકડ કરી શકે છે ?

(A) સી.આર.પી.સી. કલમ – 141 (B) સી.આર.પી.સી. કલમ – 151

(C) સી.આર.પી.સી. કલમ – 145 (D) સી.આર.પી.સી. કલમ – 155

27) વગર વોરંટે ગુનાના કામે ધરપકડ કરવામાં આવેલી વ્યક્તિને મુસાફરી સમય સિવાય કેટલા કલાકની અંદર જે તે હકુમતી કોર્ટ સમક્ષ અટક કરેલ વ્યક્તિને રજૂ કરવાનો રહે છે ?

(A) 12 કલાક (B) 48 કલાક

(C) 24 કલાક (D) 50 કલાક

28) ફરિયાદ (FIR) ની નકલ ફરિયાદીને પોલીસે કેટલા મૂલ્યમાં આપવાની હોય છે ?

(A) ₹. 20 (B) ₹. 100

(C) ₹. 50 (D) વિના મૂલ્યે

www.rarugujarat.in

29) સી.આર.પી.સી. ની કઈ કલમ હેઠળ તપાસ કરનાર પોલીસ અધિકારી સાક્ષીઓને તપાસે છે ?

(A) સી.આર.પી.સી. કલમ - 151 (B) સી.આર.પી.સી. કલમ - 165

(C) સી.આર.પી.સી. કલમ - 161 (D) સી.આર.પી.સી. કલમ - 171

30) મહિલાની ધરપકડ માટે કયું વિધાન સાચું છે ?

(A) મહિલાની ધરપકડ ફક્ત મહિલા પોલીસ અધિકારી જ કરી શકે.

(B) મહિલાની ધરપકડ માટે મહિલા પોલીસ અધિકારી પણ જેની ધરપકડ કરવાની હોય તે મહિલાના શરીરને અડકી શકે નહીં.

(C) મહિલાની ધરપકડ કોઈપણ સમયે (દિવસે કે રાત્રે) કરવા માટે કોઈની પૂર્વ પરવાનગીની જરૂર નથી.

(D) મહિલાની ધરપકડ સૂર્યાસ્ત પછી અને સૂર્યોદય પહેલા કરવા માટે મેજીસ્ટ્રેટની પૂર્વ પરવાનગી લેવી જોઈએ.

31) ભારતનું બંધારણ ઘડવા માટેની ખરડા સમિતિના અધ્યક્ષ કોણ હતા ?

(A) ડો. ભીમરાવ આંબેડકર (B) રાજેન્દ્ર પ્રસાદ

(C) સી. રાજગોપાલા ચારી (D) જવાહરલાલ નહેરૂ

32) જમ્મૂ કાશ્મીર રાજ્યને ભારતના બંધારણના કયા અનુચ્છેદથી વિશેષ દરજ્જો પ્રદાન કરવામાં આવેલો છે ?

(A) અનુચ્છેદ - 356 (B) અનુચ્છેદ - 370

(C) અનુચ્છેદ - 302 (D) અનુચ્છેદ - 360

33) રાજ્યના બંધારણીય વડા કોણ હોય છે ?

(A) રાષ્ટ્રપતિ (B) મુખ્યમંત્રી

(C) રાજ્યપાલ (D) વિધાનસભા અધ્યક્ષ

34) માહિતી અધિકારનો કાયદો કયા વર્ષથી અમલમાં આવ્યો ?

(A) 1947 (B) 2003

(C) 1993 (D) 2005

35) 'લાફીંગ ગેસ' (Laughing gas) એટલે કયો વાયુ ?

(A) કાર્બન મોનોક્સાઈડ (B) હાઈડ્રોજન પરોક્સાઈડ

(C) સલ્ફર ડાયોક્સાઈડ (D) નાઈટ્રસ ઓક્સાઈડ

SEAL

www.marugujarat.in

36) કઈ ધાતુ સામાન્ય અવસ્થામાં પ્રવાહી સ્વરૂપે હોય છે ?
(A) રેડીયમ (B) ઝિંક
(C) પારો (D) યુરેનિયમ

37) કયા બ્લડગ્રુપવાળા વ્યક્તિને 'સાર્વજનિક દાતા' કહે છે ?
(A) A (B) O
(C) B (D) AB

38) આગ બૂઝાવવામાં કયો ગેસ વપરાય છે ?
(A) નિયોજન (B) કાર્બન ડાયોક્સાઈડ
(C) નાઈટ્રોજન (D) કાર્બન મોનોક્સાઈડ

39) 'પંચ તંત્ર' ના રચયિતા કોણ છે ?
(A) કાલિદાસ (B) પાણિની
(C) વિષ્ણુશર્મા (D) ચાણક્ય

40) ગાંધીજીએ ક્યારે ''દાંડીકૂચ'' કરી ?
(A) ઈ.સ. 1928 (B) ઈ.સ. 1932
(C) ઈ.સ. 1930 (D) ઈ.સ. 1935

41) સૌ પ્રથમ સત્યાગ્રહ કઈ જગ્યાએ કરવામાં આવ્યો ?
(A) બારડોલી (B) ચંપારણ
(C) ધરાસણા (D) દિલ્હી

42) ગાંધીજીના પ્રિય ભજન 'વૈષ્ણવજન તો તેને રે કહીયે...' ની રચના કોણે કરી છે ?
(A) નરસિંહ મહેતા (B) સરોજિની નાયડુ
(C) મહાત્મા ગાંધી (D) રવિન્દ્રનાથ ટાગોર

43) વર્ષ 2015માં 'આયોજન પંચ' ને બદલે કયું નવું પંચ અમલમાં આવ્યું ?
(A) નેશનલ પંચ (B) વાઈબ્રન્ટ પંચ
(C) નીતિ પંચ (D) વિકાસ પંચ

44) ગુજરાતનો સ્થાપના દિન કયો છે ?
(A) 1લી મે 1960 (B) 1લી જુલાઈ 1960
(C) 1લી જૂન 1960 (D) 1લી ઓગષ્ટ 1960

www.maruugujarat.in

45) ગુજરાતમાં હાલમાં કુલ કેટલા જિલ્લાઓ છે ?

(A) 31 (B) 33

(C) 32 (D) 34

46) સ્વાઈન ફ્લુ કયા વાયરસથી ફેલાય છે ?

(A) B_1N_1 (B) T_1N_1

(C) C_1D_1 (D) H_1N_1

47) ભારતના સર્વોચ્ચ ન્યાયાલયના ન્યાયાધીશની સેવા નિવૃત્તિની વય કેટલી હોય છે ?

(A) 60 વર્ષ (B) 65 વર્ષ

(C) 62 વર્ષ (D) 68 વર્ષ

48) ભારતના સંસદમાં કોનો સમાવેશ થાય છે ?

(A) લોકસભા અને રાજ્યસભા (B) લોકસભા

(C) લોકસભા, રાજ્યસભા અને રાષ્ટ્રપતિ (D) રાજ્યસભા

49) કૈલાશ સત્યાર્થીને કયા ક્ષેત્રમાં કામ કરવા બદલ નોબેલ પુરસ્કાર મળ્યો છે ?

(A) બાળમજૂરોને છોડાવવા

(B) પત્રકારિત્વના ક્ષેત્રમાં

(C) સ્વાસ્થ્ય ક્ષેત્રમાં સુધારો લાવવા

(D) પર્યાવરણના ક્ષેત્રમાં જાગૃતિ લાવવા

50) ગોબર ગેસમાં મુખ્યત્વે કયો ગેસ હોય છે ?

(A) ઈથેન (B) પ્રોપેન

(C) મિથેન (D) બ્યુટેન

51) ભારત દેશના સૌ પ્રથમ ગુજરાતી વડાપ્રધાન કોણ હતા ?

(A) નરેન્દ્ર મોદી (B) સરદાર પટેલ

(C) મોરારજી દેસાઈ (D) જવાહરલાલ નહેરૂ

52) ગુજરાતના મધ્ય ભાગમાંથી કયું વૃત્ત પસાર થાય છે ?

(A) કર્ક વૃત્ત (B) મકર વૃત્ત

(C) વિષુવ વૃત્ત (D) ઉપરમાંથી કોઈ નહીં

SEAL

www.marugujarat.in

53) પાલીતાણાના જૈન મંદિરો કયા પર્વત પર આવેલા છે ?
(A) ગિરનાર (B) પાવાગઢ
(C) શેત્રુંજય (D) વિલ્સન હિલ

54) ઈસ્ટ ઈંડીયા કંપની ગુજરાતમાં સૌ પ્રથમ ક્યાં આવી ?
(A) સુરત (B) વડોદરા
(C) ભરૂચ (D) અમદાવાદ

55) અંબાજી તીર્થધામ કઈ પર્વતમાળામાં આવેલું છે ?
(A) અરવલ્લી (B) પશ્ચિમઘાટ
(C) સહ્યાદ્રી (D) પૂર્વઘાટ

56) નીચેનામાંથી કયા રંગો પ્રાથમિક રંગો છે ?
(A) લાલ, વાદળી, પીળો (B) લાલ, લીલો, ગુલાબી
(C) પીળો, લીલો, વાદળી (D) લાલ, લીલો, વાદળી

57) ચંદ્ર પર સૌ પ્રથમ પગ મુકનાર કોણ હતા ?
(A) યુરી ગાગરીન (B) નીલ આર્મસ્ટ્રોંગ
(C) કલ્પના ચાવલા (D) સુનિતા વિલીયમ્સ

58) મનુષ્યમાં ખોરાકના પાચનની પ્રક્રિયાની શરૂઆત ક્યાંથી થાય છે ?
(A) મુખ (B) જઠર
(C) ખોરાકની નળી (D) નાનું આંતરડું

59) ગ્રીન હાઉસ કોનાથી સંબંધિત છે ?
(A) ઘાબા બાગકામ (B) વૈશ્વિક તાપમાન વધારો
(C) રસોડા બાગકામ (D) સુપોષકતાકરણ

60) ખેતરોમાં થતી અનૈચ્છિક વનસ્પતિઓને શું કહેવાય છે ?
(A) ક્ષુપ (B) ઘાસ
(C) નીંદણ (D) વૃક્ષ

61) સૌરમંડળનો સૌથી તેજસ્વી ગ્રહ કયો છે ?
(A) શુક્ર (B) મંગળ
(C) પૃથ્વી (D) ગુરૂ

www.marugujarat.in

62) થર્મોમીટરમાં કઈ ધાતુ વપરાય છે ?

(A) ચાંદી (B) સોનુ

(C) તાંબુ (D) પારો

63) પાણીના અણુનું રાસાયણિક સૂત્ર શું છે ?

(A) CO_2 (B) H_2O

(C) SO_2 (D) O_2

64) પેન્સિલમાં શું વપરાય છે ?

(A) ગ્રેફાઈટ (B) ફોસ્ફરસ

(C) સિલીકોન (D) કોલસો

65) પૃથ્વી ઉપરનો નીચે પૈકી સૌથી સખત પદાર્થ (substance) કયો છે ?

(A) સોનું (B) હીરો

(C) લોખંડ (D) પ્લેટિનમ

66) 'ઉઠો, જાગો અને ધ્યેય પ્રાપ્તિ સુધી મંડ્યા રહો' નું સૂત્ર કોણે આપ્યું ?

(A) રામકૃષ્ણ પરમહંસ (B) દયાનંદ સરસ્વતી

(C) સ્વામી વિવેકાનંદ (D) રાજા રામમોહન રાય

67) યોગ્ય જોડકા જોડો

(P) બ્રહ્મો સમાજ (1) દયાનંદ સરસ્વતી

(Q) આર્ય સમાજ (2) ઠક્કર બાપા

(R) વહાબી આંદોલન (3) સૈયદ અહમદ ખાન અને શરીઅતુલ્લા

(S) પંચમહાલ ભીલ સેવા મંડળ (4) રાજા રામમોહન રાય

(A) P - 2, Q - 3, R - 1, S - 4 (B) P - 4, Q - 1, R - 2, S - 3

(C) P - 3, Q - 2 , R - 4, S - 1 (D) P - 4, Q - 1, R - 3, S - 2

68) 1907 માં જર્મનીમાં યોજાયેલી 'આંતર રાષ્ટ્રીય સમાજવાદી પરિષદ' માં સૌ પ્રથમવાર કોણે હિન્દનો રાષ્ટ્ર ધ્વજ ફરકાવ્યો ?

(A) વીર સાવરકર (B) રાણા સરદારસિંહ

(C) મેડમ ભીખાજી કામા (D) શ્યામજી કૃષ્ણ વર્મા

SEAL

www.maruguiarat.in

69) ''હું કબૂતર-કૂતરાને મોતે મરીશ, પરંતુ સ્વરાજ્ય લીધા સિવાય હવે આ આશ્રમમાં પાછો પગ મૂકનાર નથી'' આવું કોણે કહેલું ?

(A) ગાંધીજી (B) સરોજિની નાયડુ

(C) સરદાર વલ્લભભાઈ પટેલ (D) મહાદેવભાઈ દેસાઈ

70) સ્વતંત્ર ભારતના સૌપ્રથમ ગૃહ પ્રધાન કોણ હતા ?

(A) જવાહરલાલ નહેરૂ (B) સરદાર વલ્લભભાઈ પટેલ

(C) રાજેન્દ્ર પ્રસાદ (D) ડો. ભીમરાવ આંબેડકર

71) સિંધુખીણની સંસ્કૃતિનું એક વિશાળ નગર 'ધોળાવીરા' ગુજરાતના કયા જિલ્લામાં આવેલું છે ?

(A) નર્મદા (B) જામનગર

(C) અમદાવાદ (D) કચ્છ

72) સમ્રાટ અશોકનો શિલાલેખ ગિરનારની તળેટીમાં કયા કુંડની નજીક આવેલો છે ?

(A) આત્મ કુંડ (B) દામોદર કુંડ

(C) ધીરજ કુંડ (D) સૂરજ કુંડ

73) શ્રીકૃષ્ણના બાળમિત્ર સુદામા ક્યાંના વતની હતા ?

(A) પોરબંદર (B) ભાવનગર

(C) મથુરા (D) રાજકોટ

74) સોલંકી વંશના કયા રાજવીએ ભીલ સરદારને હરાવીને ત્યાં કર્ણાવતી (હાલનું અમદાવાદ) નામે નગર વસાવ્યું હતું ?

(A) કુમારપાળ (B) દુર્લભરાજ

(C) કર્ણદેવ (D) ચામુંડરાજ

75) મેહમૂદ ''બેગડો'' કેમ કહેવાય છે ?

(A) તે સામાન્ય માણસ કરતાં બે ઘણો જાડો હતો તેથી

(B) તે બે ગણું જમતો હતો તેથી

(C) તે બે ઘડા ભરીને મદિરા પીતો હતો તેથી

(D) તેણે જૂનાગઢ અને પાવાગઢ એમ બે ગઢ જીત્યા હતા તેથી

www.marugujarat.in

76) જોડકા જોડો

(P) પન્નાલાલ પટેલ	(1) સરસ્વતી ચંદ્ર
(Q) ઝવેરચંદ મેઘાણી	(2) ગુજરાતનો નાથ
(R) કનૈયાલાલ મુનશી	(3) માનવીની ભવાઈ
(S) ગોવર્ધનરામ ત્રિપાઠી	(4) સૌરાષ્ટ્રની રસધાર

	P	Q	R	S
(A)	4	1	3	2
(B)	2	3	1	4
(C)	3	4	2	1
(D)	1	2	4	3

77) નવો મોરબી જીલ્લો કયા જીલ્લાઓના વિસ્તારને અલગ કરીને બનાવવામાં આવ્યો છે ?

(A) રાજકોટ
(B) રાજકોટ, સુરેન્દ્રનગર અને ભાવનગર
(C) રાજકોટ અને સુરેન્દ્રનગર
(D) રાજકોટ, સુરેન્દ્રનગર અને જામનગર

78) નર્મદા નદીનું મૂળ કયું છે ?

(A) સહ્યાદ્રિ
(B) અમરકંટક
(C) મૈકલ
(D) પૂર્વઘાટ

79) સિંધુખીણ સંસ્કૃતિના શોધાયેલા મહત્વના સ્થળોમાંથી કયા એક સ્થળે ગોદી (dockyard) મળી આવેલ છે ?

(A) વલભી
(B) હડપ્પા
(C) ધોળાવીરા
(D) લોથલ

80) ભારતમાં પારસીઓ ગુજરાતમાં સૌ પ્રથમ કયા બંદર પર આવ્યા ?

(A) સુરત
(B) ખંભાત
(C) ભરૂચ
(D) સંજાણ

81) ગુજરાતી મૂળની પ્રથમ મહિલા અવકાશ યાત્રીનું નામ જણાવો ?

(A) કલ્પના ચાવલા
(B) લજ્જા ગોસ્વામી
(C) સુનિતા વિલીયમ્સ
(D) ગીત શેઠી

www.marugujarat.in

82) ગોળ ગધેડાનો મેળો કયા જિલ્લામાં ભરાય છે ?

(A) દાહોદ
(B) ભરૂચ
(C) બનાસકાંઠા
(D) સુરત

83) અમદાવાદના ઝુલતા મિનારા ક્યાં આવેલા છે ?

(A) શાહપુર
(B) કાલુપુર
(C) દરિયાપુર
(D) લાલ દરવાજા

84) ગુજરાતનો સૌથી ઊંચો પર્વત કયો છે ?

(A) જેસોર
(B) શેત્રુંજો
(C) બરડો
(D) ગિરનાર

85) રતનમહાલ રીંછ અભ્યારણ કયા જિલ્લામાં આવેલું છે ?

(A) ડાંગ
(B) બનાસકાંઠા
(C) દાહોદ
(D) પંચમહાલ

86) ભારતના કયા રાજ્યને સૌથી લાંબો દરિયા કિનારો છે ?

(A) ગુજરાત
(B) કર્ણાટક
(C) તમિલનાડુ
(D) આંધ્રપ્રદેશ

87) નીચેનામાંથી કયા રાજ્યો ચીનની સાથે સરહદ ધરાવે છે ?

(P) જમ્મુ અને કાશ્મીર
(Q) સિક્કીમ
(R) અરૂણાચલ પ્રદેશ
(S) હિમાચલ પ્રદેશ

(A) P, R અને S
(B) P અને R
(C) P, Q અને R
(D) P, Q, R અને S

www.marugujarat.in

88) નીચેનામાંથી કયું પ્રાણી ગિરના અભ્યારણમાં જોવા મળતું નથી ?

(A) સિંહ (B) વાઘ

(C) કાળિયાર (D) નીલગાય

89) નીચેનામાંથી કયું લોકનૃત્ય ગુજરાતનું નથી ?

(A) બિહુ (B) ટિપ્પણી

(C) મેર રાસ (D) હૂડો

90) ભારતે છોડેલું મંગળયાન કયા ગ્રહની જાણકારી મેળવવામાં મદદરૂપ થશે ?

(A) મંગળ (B) ગુરૂ

(C) બુધ (D) શુક્ર

91) હાલમાં ગુજરાત વિધાનસભાના સ્પીકર કોણ છે ?

(A) મંગુભાઈ પટેલ (B) વજુભાઈ વાળા

(C) ઓ.પી. કોહલી (D) ગણપતભાઈ વસાવા

92) જોડકા જોડો

(P) અરૂણાચલ પ્રદેશ	(1) દિસપુર
(Q) આસામ	(2) ઈટાનગર
(R) ગોવા	(3) રાંચી
(S) ઝારખંડ	(4) પણજી

(A) P - 1, Q - 2, R - 4, S - 3

(B) P - 3, Q - 4, R - 1, S - 2

(C) P - 2, Q - 1 , R - 4, S - 3

(D) P - 4, Q - 3, R - 2, S - 1

93) દિલ્હીમાં હાલમાં કોણ મુખ્યમંત્રી છે ?

(A) નરેન્દ્ર મોદી (B) કિરણ બેદી

(C) અરવિંદ કેજરીવાલ (D) ઉપરમાંથી કોઈ નહીં

94) પ્રવાસી ભારતીય દિવસ-2015 નો કાર્યક્રમ ક્યાં યોજાયો ?

(A) અમદાવાદ (B) વડોદરા

(C) ગાંધીનગર (D) રાજકોટ

www.maruguarat.in

95) નીચેનામાંથી કોણ ભારતના પ્રજાસત્તાક દિન -2015 ના દિલ્હી ખાતેનો ઉજવણીના ''ચીફ ગેસ્ટ'' હતા ?

(A) અમેરિકાના પ્રેસીડેન્ટ
(B) જાપાનના પ્રાઈમ મિનિસ્ટર
(C) ચીનના પ્રેસીડેન્ટ
(D) ઉપરમાંથી કોઈ નહીં

96) ATIRA - ટેક્ષટાઈલ રિસર્ચ ઈન્સ્ટીટ્યૂશન ક્યાં આવેલું છે ?

(A) વડોદરા
(B) અમદાવાદ
(C) સુરત
(D) રાજકોટ

97) નીચેનામાંથી કયા રાજ્યની સીમા ગુજરાતને અડતી નથી ?

(A) રાજસ્થાન
(B) મધ્યપ્રદેશ
(C) મહારાષ્ટ્ર
(D) છત્તીસગઢ

98) ભારતનું કયું નવું રાજ્ય 2014 માં બન્યું ?

(A) છત્તીસગઢ
(B) ઝારખંડ
(C) તેલંગાણા
(D) ઉત્તરાખંડ

99) ભારતના હાલના રાષ્ટ્રપતિ કોણ છે ?

(A) પ્રતિભા પાટીલ
(B) રાજેન્દ્ર પ્રસાદ
(C) પ્રણવ મુખરજી
(D) એ.પી.જે. અબ્દુલ કલામ

100) ''હકીકત'' અંગે કયુ વાક્ય સાચુ છે ?

(P) ઈન્દ્રિયગોચર વસ્તુ, વસ્તુઓની સ્થિતિ અથવા વસ્તુઓનો સંબંધ
(Q) કોઈ વ્યક્તિને જેનું ભાન હોય તેવી મનની સ્થિતિ

(A) ફક્ત P સાચું છે.
(B) P અને Q - કોઈ સાચા નથી.
(C) ફક્ત Q સાચું છે
(D) P અને Q - બંને સાચા છે.

❄❄❄

www.marugujarat.in